પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૧ | ૨૧ જુલાઈ, ૨૦૨૨, ગુરૂવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

રાનિલ વિક્રમાસિંઘે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ

રાનિલ વિક્રમાસિંઘે ૧૩૪ મતના વિજય સાથે શ્રીલંકાના રાષ્ટ્રપતિ : શ્રીલંકામાં રાજકીય સંકટમાં સામાન્ય રાહત : રાનિલ વિક્રમસિંઘે અત્યાર સુધી શ્રીલંકાના કાર્યવાહક રાષ્ટ્રપતિ તરીકેનો પદભાર સંભાળી રહ્યા હતા

કોલંબો, તા.૨૦

છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા રાજકીય અને આર્થિક સંકટ વચ્ચે રાનિલ વિક્રમસિંઘે શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે. શ્રીલંકાના સાંસદોએ તેમને પોતાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટી લીધા છે. વિક્રમસિંઘે અત્યાર સુધી શ્રીલંકાના કાર્યવાહક રાષ્ટ્રપતિ તરીકેનો પદભાર સંભાળી રહ્યા હતા.

દેશના નવા રાષ્ટ્રપતિ ચૂંટવા માટે શ્રીલંકન સંસદમાં આજે તમામ સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ વડાપ્રધાન મહિન્દા રાજપક્ષે પણ આજે સંસદમાં હાજર રહ્યા હતા. રાષ્ટ્રપતિ પદની ચૂંટણી પહેલા શ્રીલંકામાં આજે સંસદની બહાર સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવાઈ હતી.

તમામ પાર્ટીઓએ પોતાના સાંસદોને એવું ફરમાન આપ્યું હતું કે, તેઓ પોતાના મતની તસવીરો ક્લિક કરે. જોકે ત્યાર બાદ સંસદમાં ફોન ન લાવવા માટેનો આદેશ આપવામાં આવ્યો હતો. સ્પીકરે ચૂંટણી દરમિયાન કોઈ પણ સાંસદ સદનમાં ફોન ન લાવે તેમ જણાવ્યું હતું. પરંતુ ગઈકાલે

● અનુસંધાન પાન-૭ પર

સંસદમાં મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસનું પ્રદર્શન

મહિલા સાંસદે સિલિન્ડર ઊંચકી નારાજગી વ્યક્ત કરી : કોંગ્રેસ તથા અન્ય કેટલાક વિપક્ષી દળના સાંસદોએ રાહુલ ગાંધીની આગેવાનીમાં સંસદ પરિસરમાં ધરણાં કર્યા

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસ પાર્ટી સતત મોંઘવારી મુદ્દે કેન્દ્રની મોદી સરકારને ઘેરી રહી છે. ત્યારે બુધવારે કોંગ્રેસે સંસદમાં ઈંધણની કિંમતોમાં થઈ રહેલા વધારા તથા મોંઘવારીના વિરોધમાં પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શન દરમિયાન એક મહિલા સાંસદ ગેસ સિલિન્ડરની સાથે વિરોધ પ્રદર્શિત કરતા જોવા મળ્યા હતા. તે મહિલા સાંસદે ગેસના સિલિન્ડરને ફિલ્મી સ્ટાઈલમાં ઉઠાવી લીધું હતું અને મોંઘવારી મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી. કોંગ્રેસ તથા અન્ય કેટલાક વિપક્ષી દળના સાંસદોએ રાહુલ ગાંધીની આગેવાનીમાં સંસદ પરિસરમાં ધરણાં કર્યા હતા. સાંસદોએ મોંઘવારી તથા ખાવા-પીવાની જરૂરી ચીજ-વસ્તુઓને જીએસટીમાં આવરી લેવામાં આવી તેના વિરોધમાં સરકાર પર પ્રહાર કર્યો હતો. સાંસદોના હાથમાં રહેલા બેનર પર લખ્યું હતું કે, 'ભાવ વધવાના કારણે સામાન્ય નાગરિકોનું જીવન ખરાબ રીતે પ્રભાવિત થઈ રહ્યું છે, તેઓ ગુજરાન કઈ રીતે ચલાવશે?'

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નમા નાગેશ્વર રાવ તથા કે. કેશવ રાવ, નેશનલ કોન્ફરન્સના હસનૈન મસૂદી, આઈયુએમએલના ઈટી મોહમ્મદ બશીર તથા અન્ય કેટલાય વિપક્ષી સાંસદો આ ધરણાંમાં સામેલ થયા હતા.

ફૂડ પરનો ટેક્સ ૨૭ ટકા ઘટાડાયો

ટેક્સ ઘટાડીને ટન દીઠ ૧૭૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો : ભારતે પહેલી જુલાઈએ કંપનીઓ પર વિન્ડફોલ ટેક્સ ઝીંક્યો હતો : પેટ્રોલની નિકાસ પરનો લિટરે ૬ રૂપિયાનો ટેક્સ સાવ દૂર કરવામાં આવ્યો છે, જ્યારે ડીઝલ અને ATFની નિકાસ પર લિટર દીઠ બે રૂપિયા સુધી ટેક્સ ઘટાડવામાં આવ્યો છે

નવી દિલ્હી,તા.૨૦

તાજેતરમાં સરકારે પેટ્રોલ, ડીઝલ અને ATFની નિકાસ પર જંગી વિન્ડફોલ ટેક્સ નાખ્યો હતો જેના કારણે રિલાયન્સ અને ONGC જેવી કંપનીઓને મોટો ફટકો પડ્યો હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ફૂડના ભાવ ઘટતાની સાથે જ સરકારે આ ટેક્સમાં કાપ મુક્યો છે જેથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ONGCને મોટી રાહત મળી છે. સરકારે એક નોટિફિકેશનમાં જણાવ્યું કે પેટ્રોલની નિકાસ પરનો લિટરે ૬ રૂપિયાનો ટેક્સ સાવ દૂર કરવામાં આવ્યો છે, જ્યારે ડીઝલ અને ATFની નિકાસ પર લિટર દીઠ બે રૂપિયા સુધી ટેક્સ ઘટાડવામાં આવ્યો છે. ઘરઆંગણે ઉત્પાદિત ફૂડ પરનો ટેક્સ પણ લગભગ ૨૭ ટકા ઘટાડીને ટન દીઠ ૧૭,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ગયા અઠવાડિયે જ એવા અણસાર મળી ગયા હતા કે ફૂડના ભાવ ઘટવાના કારણે સરકાર ફ્યુઅલ નિકાસકારોને વિન્ડફોલ ટેક્સમાં રાહત આપવા વિચારી રહી છે. ભારતે પહેલી જુલાઈએ આ ટેક્સ ઝીંક્યો હતો અને ૨૦ દિવસની અંદર તેમાં કાપ મુકવામાં આવ્યો છે. ભારતની જેમ બીજા દેશોએ પણ ફ્યુઅલની નિકાસ પર ઉંચો ટેક્સ નાખ્યો હતો. ફૂડના ભાવ ઉંચા હતા ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

હવે ઉત્તર પ્રદેશમાં યોગી સરકારમાં વિખવાદ : જળ શક્તિ રાજ્યમંત્રી દિનેશ ખટીકનું રાજીનામું

ખટીકે રાજીનામુ અમિત શાહને મોકલ્યું

લખનૌ, તા.૨૦

યોગી સરકારમાં જળ શક્તિ રાજ્ય મંત્રી દિનેશ ખટીકે પોતાનુ રાજીનામુ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને મોકલ્યુ છે. આ રાજીનામામાં દિનેશ ખટીકે અધિકારીઓ પર ધ્યાન ન આપવા અને દલિતોને યોગ્ય સન્માન ન મળવાનો આરોપ લગાવ્યો છે.

દિનેશ ખટીકે આરોપ લગાવ્યો છે કે દલિત હોવાના કારણે વિભાગમાં તેમનુ કોઈ સાંભળતુ નથી અને ના કોઈ બેઠકની માહિતી તેમને આપવામાં આવે છે. રાજ્યમંત્રીના અધિકાર તરીકે માત્ર ગાડી આપવામાં આવી છે. મંત્રી દિનેશ ખટીકે ટ્રાન્સફરના મામલે મોટા ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે.

ટ્રાન્સફરના મુદ્દે જ્યારે દિનેશ ખટીકે અધિકારીઓ પાસે જાણકારી માગી તો તેમને અત્યાર સુધી જાણકારી આપવામાં આવી નથી. પ્રમુખ સચિવ સિંચાઈ પર આરોપ લગાવતા રાજ્ય મંત્રી દિનેશ ખટીકે કહ્યુ કે ફોન કરીએ તો પૂરી વાત સાંભળ્યા વિના તેમણે ફોન કાપી દીધો. મંત્રીએ નમામિ ગંગે યોજનામાં પણ ભ્રષ્ટાચારની વાત કહી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને લખેલા પત્રમાં રાજ્ય મંત્રી દિનેશ ખટીકે પોતાના વિભાગના અધિકારીઓ પર તમામ પ્રકારના આરોપ લગાવ્યા છે. તેમણે આની એક કોપી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજભવનને પણ મોકલી છે.

ગાયક સિદ્ધુ મુસેવાલ હત્યાના બે શૂટર્સ પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

અમૃતસર, તા.૨૦

પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલા હત્યા કેસના શૂટરો સાથે લગભગ પાંચ કલાક સુધી ચાલેલા પોલીસ એક્રાઉન્ટરનો અંત આવ્યો છે. પંજાબ પોલીસના ડીજીએ પુષ્ટિ કરી છે કે એન્કાઉન્ટર સમાપ્ત થઈ ગયું છે. પંજાબ ડીજીપીએ કહ્યું કે એક્રાઉન્ટરમાં ચાર શૂટરો માર્યા ગયા છે. આમાંથી બે શૂટર્સ સિદ્ધુ મૂઝવાલા હત્યા કેસમાં આરોપી છે. શૂટરો પાસેથી એક એકે-૪૭ મળી આવી છે. અમૃતસર પોલીસે અટારીના ચિચા ભકના ગામમાં જે ઈમારતમાં ગુંડાઓ છુપાયેલા હતા તેના પર કબજો કરી લીધો છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

સિદ્ધુ મૂઝવાલા મર્ડર કેસમાં સામેલ બે શૂટર્સ જગરૂપ ઉર્ફે રૂપા અને મનપ્રીત ઉર્ફે મન્નુ પણ એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે. મુસેવાલાની હત્યા બાદથી બંને ફરાર હતા. અગાઉ પોલીસ તેમને તરનતારનમાંથી પકડવાની હતી પરંતુ બંને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે કહ્યું કે, આજે એન્કાઉન્ટર દરમિયાન ભારે ગોળીબાર થયો હતો. સિદ્ધુ મુસેવાલાની હત્યામાં સામેલ શૂટર્સ જગરૂપ સિંહ રૂપા અને મનપ્રીત સિંહ મન્નુ પણ માર્યા ગયા હતા.

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ

ભાવાંજલિ

સ્વ. વિનોદભાઈ આર. ટોળીયા

(નિવૃત્ત ડી.એસ.પી.)

સ્વર્ગવાસ : તા.૨૧ જુલાઈ, ૨૦૧૯

ન જાયતે મ્રિયતે વા કદાચિ- ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।
અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥

॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૦ ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી. ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.

॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ સ્નેહ સ્મરણ સહ...

ભાવસભર અંજલિ...

લી.

ચેતન પટેલ

સિદ્ધરાજ ગ્રૂપ